વડીલોને વંદન અભિનંદન

મુળુભા જે. મકવાણા
(૧૯૩૮) ફોન: ૨૩૨૪૦૯૨૯

જયાબેન મહેશભાઈ પ્રજાપતિ
(૧૯૪૫) મો. ૯૯૭૯૦૩૩૩૬૬

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘમાં ૨૦ વર્ષ બાદ ભાજપનો દબદબો

કેશરભાઈ ચૌધરીની પરિવર્તન પેનલે ૧૩ સભ્યોના વિજય સાથે સત્તા હાંસલ કરી

મોડાસા, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના વ્યવસ્થાપક મંડળની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં ૧૧ ડીરેક્ટરો બિનહરીફ બન્યા બાદ રવિવારે સાત બેઠકો માટે યોજાયેલા ચૂંટણી જંગમાં પરિવર્તનનો પવન ફુંકાતા ૨૦ વર્ષથી કોંગ્રેસ સમર્થિત બાબુભાઈ લોહની પેનલને કારમો પરાજય ચાખવાનો વારો આવ્યો છે. જિલ્લા સંઘની ચૂંટણીમાં કેન્દ્રિય ગૃહ મંત્રી હરીભાઈ ચૌધરી અને રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી તેમજ જિલ્લાના સહકારી અને રાજકીય આગેવાનોના સહયોગથી વડગામ એ.પી.એમ.સી.ના ચેરમેન કેશરભાઈ પરથીભાઈ ચૌધરીની આગેવાની હેઠળની પરિવર્તન પેનલે સ્પષ્ટ બહુમતિ સાથે સત્તા હાંસલ કરતાં કોંગ્રેસ છાવણીમાં હતાશા ફેલાઈ જવા પામી છે.

બનાસકાંઠા જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થા ધી બનાસકાંઠા જિલ્લા સહકારી

ખરીદ વેચાણ સંઘ લી.ના વ્યવસ્થાપક મંડળના ૧૯ ડિરેક્ટરોની ચૂંટણી કવાયત હાથ ધરાતા ૨૦ વર્ષથી શાસન કરતી કોંગ્રેસ સમર્થિત બાબુભાઈ કે. લોહની પેનલ અને વડગામ માર્કેટયાર્ડના ચેરમેન કેશરભાઈ પરથીભાઈ ચૌધરીની પરિવર્તન પેનલ વચ્ચે જંગ જામ્યો હતો. જેમાં શરૂઆતમાં ૧૧ બેઠકો બિનહરીફ થતાં પરિવર્તન પેનલે છ બેઠકો સાથે લીડ મેળવી હતી. જ્યારે રવિવારે તા. ૧૯ જુલાઈના રોજ પાલનપુર પ્રાંત કચેરી ખાતે સાત બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં કુલ ૧૪ ઉમેદવારો મેદાનમાં હતા. મોડી સાંજે મત ગણતરી યોજાતા પરિવર્તન પેનલે સાતે સાત બેઠક પર વિજય મેળવી હરીફ પેનલનો સફાયો બોલાવ્યો હતો. પરિવર્તન પેનલે કુલ ૧૩ બેઠક મેળવતા જિલ્લા સંઘમાં ૨૦ વર્ષથી ચાલતા કોંગ્રેસ સમર્થિત શાસનનો અંત આવ્યો હતો અને બાબુભાઈ લોહની પેનલને પછડાટ આપી હતી. જિલ્લા સંઘની ચૂંટણીમાં કેશરભાઈની પરિવર્તન પેનલને વિજય બનાવવા કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરી, રાજ્યના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી, ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના કારોબારી સભ્ય અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, અણદાભાઈ પટેલ સહિતના રાજકીય તેમજ સહકારી આગેવાનોએ સક્રિય રીતે ભાગ ભજવ્યો હતો. જો કે, રવિવારે યોજાયેલ મત ગણતરીમાં બાબુલાલ લોહની પેનલના સાતેય ઉમેદવારોને કારમો પરાજય ચાખવાનો વારો આવ્યો હતો.

કેશરભાઈ ચૌધરીની પરિવર્તન પેનલના વિજેતા ઉમેદવારો

કેશરભાઈ પી. ચૌધરી, ખેતાભાઈ જગમાલભાઈ કોલા, કાળુભાઈ રામજીભાઈ રાતડા, દેવજીભાઈ પ્રેમાભાઈ પટેલ, દક્ષાબેન દિનેશભાઈ ચૌધરી, ભીખાભાઈ કરશનભાઈ ચૌહાણ, પરથીભાઈ માવજીભાઈ પટેલ, ફતાભાઈ પરાગભાઈ ધરીયા, જશવંતભાઈ પુનાભાઈ પટેલ, દેવજીભાઈ વિહાભાઈ પટેલ, ધુડાભાઈ નાથુભાઈ રબારી, ઈશ્વરભાઈ જેવતાભાઈ પટેલ અને રાઈબેન શિવરામભાઈ પટેલ

શ્રમિકને મજૂરીના પૂરતા નાણા મળે તે ખુબ જરૂરી

અમદાવાદ, તા.૨૦

ગુજરાતના શ્રમ અને રોજગાર વિજયભાઈ રૂપાણીએ દિલ્હી ખાતે ૪૬માં ભારતીય શ્રમ સમ્મેલનમાં ભાગ લેતા જણાવ્યું હતું કે, દેશના હિતો માટે શ્રમિકોએ કામ કરવું જોઈએ અને શ્રમિકોને તેમની મજદુરીના પુરતા દામ મળવા જોઈએ તેમણે ઉમેર્યું હતું કે, રાજય સરકાર શ્રમ કાયદાના સુધારામાં ઘણુ બંધુ કામ કર્યું છે. દેશની આર્થિક ઉન્નતિ માટે શ્રમ કાયદામાં સુધારો લાવવો ઘણો જ આવશ્યક છે. રાજય સરકાર કેન્દ્ર સરકાર અને ઉદ્યોગ-મજદુર સંગઠનના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં બે દિવસ માટે યોજાયેલા આ સમ્મેલનનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કર્યું હતું. સમ્મેલનને સંબોધતા વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાતના શ્રમિકો સંતુષ્ટ છે અને તેના કારણે ગુજરાતનો વિકાસ થયો છે. રાજયમાં શ્રમિક શાંતિને કારણે મૂડીરોકાણ આવે છે. ગુજરાત રાજય અને રાજય બહારના લોકોને રોજગારી પૂરી પાડવામાં આવ્વલ નંબરે છે. તેમણે એ પણ કહ્યું હતું કે, ગુજરાત એ ભારતના વિકાસનું ગ્રોથ એન્જીન છે અને નરેન્દ્ર મોદીની કલ્પનાને સાકાર કરવામાં ગુજરાત પૂરેપુરી રીતે સમર્થ છે.રૂપાણીએ કહ્યું હતું કે, શ્રમિક સંતુષ્ટ થશે તો ઈંડસ્ટ્રીઝ સમદ્ધ થશે અને ઈજસ્ટ્રીઝ સમૃદ્ધ હશે તો દેશના આર્થિક વિકાસમાં વૃદ્ધિ થશે. ગુજરાતે લેબર કાયદામાં ઘણા બધા સુધારા કર્યા છે. એટલુ જ નહીં પરંતુ કોન્ટ્રાકટ લેબરને પણ કાયદાની અંદર આવરી લેવામાં આવ્યો છે.

ટીંટોઈ ગામની સીમમાંથી ૭ નબીરાઓ જુગાર રમતા ઝડપાયા : ૧૪૭૫૦નો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં એક મહિનાની સમયગાળામાં ૩૫ થી વધારે જુગાર

રમતા શકુનિયો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં જુગાર રમતા શકુનિયો બેખોફ બની જુગાર રમવામાં મસ્ત છે. જિલ્લામાં અસામાજીક બદીઓએ માઝા મુકી હોય તેમ રવિવારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ ટીંટોઈ ગામની સીમમાંથી ૭ જુગારીઓ ઝડપી પાડી ૧૪૭૫૦ રૂ.નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાને બાતમી મળી હતી કે ટીંટોઈ ગામની સીમમાં ખુલ્લામાં જુગાર રમાડાય છે. આથી તેમણે ટીમ સાથે ટીંટોઈ ગામની સીમમાં છાપો મારી હારજીતનો ગંજીપાનો જુગાર રમતા ૭ શકુનિયો ઝડપી લીધા હતા. રાઠોડ વિજયસિંહ રાજેન્દ્રસિંહ, મનસુરી અબ્દુલકાદીર મુન્નાભાઈ, મકરાણી શોહિલખાન શેરદીનખાન, મકરાણી, અજરૂદ્દીન નિશારખાન મકરાણી, સરીફખાન અજીજખાન, લુહાર શાકીરહુસેન ગુલામહુસેન, કોટવાળ કૌશીકકુમાર કાળાભાઈ ઝડપી લીધા હતા. જુગાર રમાતી ખુલ્લી જગ્યામાંથી ૪૨૫૦ રૂ. રોકડા તેમજ મોબાઈલ નંગ-૮ મળી કુલ ૧૪૭૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ ૭ શકુનિયો વિરૂદ્ધ જુગારધામ અને ગેરકાયદેસર જુગાર રમાડાતો હોવાથી જુગારધારા હેઠળ કાર્યવાહિ હાથ ધરી હતી.

ડાક તેમજ પેન્શન અદાલત હવે ત્રીજી ઓગસ્ટે મળશે

અમદાવાદ, તા.૨૦

ટપાલ સેવા તથા લગતા પ્રશ્નોના નિરાકરણ માટે મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત સર્કલની કચેરી, ખાનપુર, અમદાવાદ ખાતે તા. ૩-૮-૨૦૧૫ને સોમવારના રોજ ૧૨.૦૦ કલાકે ડાક અદાલત અને ૧૫.૦૦ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલતમાં નિતી વિષયક મુદ્દા સિવાયની ટપાસ સેવાઓ અને પોસ્ટલ પેન્શનને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. ટપાલ સેવા સંબંધી અદાલતમાં રજુ કરવાની ફરિયાદો કે.બી. સિસોદિયા આસિસ્ટન્ટ ડાયરેકટર પોસ્ટલ સર્વિસીઝ (બી એન્ડ ટી) મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલની કચેરી, ગુજરાત સર્કલ, ખાનપુર, અમદાવાદ અને પેશનને લગતી ફરિયાદો એ જે પટેલ, આસિસ્ટન્ટ ડાયરેકટર પોસ્ટલ પોસ્ટર સર્વિસીઝ (પી સી)ને મોડામાં મોડી તારીખ ૨૪-૭-૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારીત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ટીંટોઈ ગામનો ૧૩ વર્ષીય કિશોર ગુલીયર બાર સીન્ડ્રોમના રોગમાં સપડાતા પરિવારજનો ચિંતિત

મોડાસા, તા.૨૦

ટીંટોઈની શાળામાં અભ્યાસ કરતો છાત્ર છેલ્લા દોઢ માસથી ગુલીયન બાર સીન્ડ્રોમના રોગમાં સપડાતાં આખા ગામમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. જયાર આ રોગની પાછળની મોંઘી સારવાર પુરી પાડવામાં અસમર્થ નીવડી રહેલા આ બ્રાહ્મણ પરિવારની મદદે ગામના યુવાનોએ આવી જરુરી આર્થિક સહાય ઉભી કરવાનું બીડું ઝડપી લેતાં યુવાનોની આ પેનલને બિરદાવાઈ હતી. મૂળ રાજસ્થાનના બ્રાહ્મણ પરિવાર છેલ્લા કેટલાક વર્ષોથી ટીંટોઈમાં વસવાટ કરી વાસણની ફેરી દ્વારા પરિવારનું જીવન નિર્વાહ કરી રહ્યો છે. આ પરિવારનો હસ્તો ખેલતો ૧૩ વર્ષીય કિશોર એક દિવસ અચાનક જ બિમાર પડયો અને ધીરે ધીરે શરીર ઉપર હવી થયેલી આ બિમારીએ આ બાળકને પથારી વશ કરી દીધો. તપાસ કરાવતા જયારે માલુમ પડયું કે આ કિશોર ગુલીયન બાર સીન્ડ્રોમ નામના રોગથી ઓળખાતી વાયરલ બિમારીનો ભોગ બન્યો છે ત્યારે પરિવાર જનોના પગ તળીયેથી જમીન ખસી ગઈ હોય તેવો આંચકો અનુભવ્યો. શરીરના ચેતાતંતુઓને સાવ લકવાગ્રસ્ત કરી નાખતી આ જીબીએસ નામક બિમારીથી પોતાના ફુલ જેવા લાડકવાયા લાલને બચાવવા પરીવારે કમ્મર કસી અને પછી શરૂ થઈ બાળકને રોગથી મુકત કરવાની દોડધામ.

મધ્યમ વર્ગીય આ બ્રાહ્મણ પરિવાર છેલ્લા દોઢ માસમાં જ બાળકની સારવાર પાછળ તૂટી પડયો છે. દસ લાખથી વધુના ખર્ચ છતાં આજે પણ આ કિશોરનું શરીર લકવાગ્રસ્ત છે. અને મગજ કોમામાં સ્થિતિ નથી છતાં કેમ કરી પરિવારના રતનને બચાવવા ઈચ્છતો આ પરિવાર લાચાર છે પરંતુ હતાશ તો નથી જ. ગામના યુવાનો મનોજભાઈ સુથાર, જશુભાઈ પટેલ, પરેશ કડીયા અને ભાનુભાઈ પંડયા સહિતના કેટલાય યુવાનો

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અને ગ્રામજનો આજે આ પરિવારને પડખે પહોંચ્યા છે અને વિવિધ માધ્યમોથી આ બાળકને બચાવી લેવાની સાવાર માટે દાતાઓ પાસે દાનની, મદદની ટહેલ નાંખી રહ્યા છે ત્યારે બીમાર બાળક અને મજબૂર પરિવારની મદદે આવેલા યુવાનોને સૌ કોઈ સલામી અર્પી રહ્યા છે.

યુનિવર્સિટી જમીન હડપવાની કામગીરી સામે આંદોલન થશે

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ અધ્યક્ષ અને યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગગૃહોને કરોડો ચો.મી જમીનની ખેરાત કરનાર ભાજપ સરકાર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની શાંતિ હણતા રસ્તાઓ કાઢવાની સાથે જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિને હરગીઝ સફળ નહીં થવા દઈએ અને જરૂર પડયે આકરુ આંદોલન કરવામાં આવશે. અર્જુન મોઢવાડિયાએ જાહેર નિવેદનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરએ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત લઈને એલડી એન્જિનિયરીંગ કોલેજથી ૧૩૨ ફુટ રીંગ રોડ સુધીમાં પથરાયેલ અને ગ્રીન કવર અને ખુલ્લા મેદાનો સહિતની ગુજરાત યુનિવર્સિટીની જમીનમાં ટી પી પાડીને રસ્તાઓ બનાવીને બાકીની જમીનો કપાતમાં મેળવીને યુનિવર્સિટી કેમ્પસને છિન્નભિન્ન કરવાની કાર્યવાહી કરીને યુનિવર્સિટીની પોતાના વિકાસ માટેની રહીસહી જમીન તો સરકાર હડપ કરી જશે. મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, દેશ અને વિદેશમાં ઉત્તમ કોલેજો અને યુનિવર્સિટીઓમાં કેમ્પસને સાયલન્ટ ઝોન રાખવા માટે સાયકલ સિવાયના વાહનોને માત્ર પાર્કિંગ ઝોનમાં જ પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ સરકારી જમીન અને ગૌચરની જમીન ઉદ્યોગગૃહોન પધરાવી દીધી પછી હવે ગુજરાતની ભાવી પેઢીના ભણતર માટેની જમીન પણ અગમ્ય કારણોસર પચાવી પાડીને બિલ્ડરોના હિતાર્થે રસ્તાઓ પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીના આંતરિક રસ્તાઓ બનાવવા કે રીસરફેસીંગ કરવાના હોય તો યુનિવર્સિટી પોતાના આંતરિક બજટેમાંથી કરી શકે અને રાજય સરકાર જો ટાટાને ૩૩ હજાર કરોડની સહાય કરી શકતી હોય તો ૫-૧૦ કરોડ ગુજરાત યુનિવર્સિટી કે જ્યાં લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેને રસ્તાઓ બનાવવા આપી શકે. મોઢવાડીયાએ રાજય સરકારને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, ચોક્કસ બિલ્ડર્સોના લાભાર્થે ગુજરાત યુનિવર્સિટીની જમીનમાં ટી પી પાડીને જમીન મેળવવાની અને રસ્તાઓ પાડવાની કાર્યવાહીને પડતી મુકવાની બંધ નહીં કરાય તો ગુજરાત યુનિવર્સિટીના વર્તમાન વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સાથે રાખીને જનઆંદોલન કરવામાં આવશે.

આવક ઉભી કરાશે

અનુસંધાન પહેલાનું ચાલુ

સમય વધારી આપવાનો નિર્ણય પણ કર્યો છે. આજની બેઠકમાં મનપા વિસ્તારમાં રમત-ગમત સાધનો મુકવા તેમજ ફરતી લાયબ્રેરી શરૂ કરવા માટે વાહન ખરીદવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. રૂ. ૩૧ લાખથી વધુ ખર્ચે લાયબ્રેરી માટે અદ્યતન સુવિધા સાથેની વાન ખરીદવામાં આવશે. શ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે બાળકોના મનોરંજન હેતુસર રમત-ગમતના સાધનો મુકવામાં આવશે. કોમન પ્લોટ તેમજ બગીચાઓ અને સેક્ટરોની શાળાઓમાં આ સાધનો મુકવામાં આવશે. આ સાધનોમાં સ્લાઈડર, સ્પ્રીંગડક, સ્પ્રીંગ હોર્સ સહિતના જુદા જુદા સાધનોનો સમાવેશ થાય છે. આજની આ બેઠકમાં મનપા વિસ્તારમાં સફાઈ, માળી, વર્મીકમ્પોઝ્ડ કામદારોને વધુ ત્રણ માસ માટે પણ રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શબ્દાવલી - ૫૭૯૪



આડી ચાવી

૧. અણનમ (૪)
૪. ઢોરમાં થતાં જીવડા (૩)
૬. બાલટી, પાણી ભરવાનું વાસણ (૨)
૭. 'મતલબ' શબ્દ આડોઅવળો (૪)
૯. વિઘ્ન, નડતર (૨)
૧૦. તખ્ત પર બિરાજમાન (૫)
૧૪. મોકો, તક (૨)
૧૫. કોઇ પણ પક્ષ વગરનું (૩)
૧૭. ... સેવ (તીખી) ખુબ વખણાય (૪)
૧૯. કહાની (૩)
૨૦. માર..., પીટાઇ (૨)

ઊભી ચાવી

૧. એકદમ અડીને (૪)
૨. નક્કી થવું, શરીર (૨)
૩. શીપેશીંગ (૪)
૪. વાસણ (૪)
૫. પૃથ્વી, ધરા (૨)
૮. કવચ (૩)
૧૧. મોટો પથ્થર (૨)
૧૨. નગરનો આગેવાન શેઠ(૫)
૧૩. વાંચવા - લખવાની આવડતવાળુ (૪)
૧૫. એકના બદલે બીજું (૩)
૧૬. એક ટક જોવું, નાશ ન થાય તેવું (૩)
૧૮. સફેદો કે બેલતેલની બનાવેલ લુગદી (૨)

શબ્દાવલી ૫૭૯૩ના જવાબ

આડી ચાવી :- (૧) તરબૂચ (૪) કાકડી (૭) ખાલસા (૯) રમ (૧૦) સ્વીકાર (૧૨) રેશમ (૧૩) વાવ (૧૪) રસ્તા (૧૫) ડોડા (૧૭) મનસા (૧૯) કાતરા (૨૧) વખતોવખત (૨૩) ડામર (૨૪) લડત

ઊભી ચાવી :- (૧) તપસ્વી (૨) બૂખાર (૩) ચલ (૫) કરમદા (૬) ડીમ (૮) સારેવડા (૧૧) કારસ્તાન (૧૩) વાડો (૧૪) રમકડા (૧૬) ખેરાત (૧૮) સાવર (૧૯) કાવડ (૨૦) તખત (૨૨) તોલ

વરસાદ ખેંચાતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી. જેના કારણે ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યના શહેરોનું તાપમાન ઉંચુ નોંધાયું છે. છેલ્લા બે દિવસથી તો આકાશમાં વાદળોનો સારો એવો જમાવડો થયો છે. આકાશ સતત ગોરંભાયેલુ રહે છે. પવનની ગતિ પણ જરાય ન હોવાથી એવુ જ લાગે છે કે જાણે હમણાં વરસાદ તુટી પડશે. ગરમી અને બફારો પણ અસહ્ય છે. વરસાદની સૌ કોઈ આશા રાખી રહ્યા છે પરંતુ ક્યાંક ક્યાંક છાંટા સિવાય સમગ્ર જિલ્લામાં ક્યાંય નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. ખેડૂતો આકાશ તરફ જોઈ રહ્યા છે અને સતત વરસાદ માટે પ્રાર્થના કરી રહ્યા છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી બફારો ખુબ થાય છે. વસાહતીઓ ગરમી અને બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સમગ્ર જિલ્લામાં પ્રથમ રાઉન્ડમાં સારો વરસાદ થતાં મોટાભાગના ખેડૂતોએ ખેતરમાં વાવણી કરી દીધી છે. હવે લગભગ પચ્ચીસ દિવસથી વરસાદે પુનઃ પધરામણી ન કરતા ખેડૂતો પાકને બચાવવા સતત મથામણ કરી રહ્યા છે. સિંચાઈનું પાણી મેળવવા માટે ખેડૂતો સતત દોડધામ કરી રહ્યા છે. વરસાદ ખેંચાતા વીજવપરાશ વધતો જાય છે. આ વર્ષ ખેડૂતો માટે ખૂબ ભયાવહ સાબિત થયું છે. રવિ સિઝનમાં પડેલા કમોસમી વરસાદ અને કરાંએ સમૃદ્ધ કહેવાય તેવા ખેડૂતોની હાલત પણ કફોડી કરી દીધી છે ત્યારે સામાન્ય ખેડૂતો માટે તો માથે હાથ દઈને રોવાનો જ વારો આવ્યો છે. ખેતમજૂરો પણ મજુરી વગર બેરોજગાર ફરી રહ્યા છે. હવે માત્ર સારો વરસાદ જ ખેડૂતો માટે ઉધ્ધારક છે. ત્યારે હાથતાળી આપીને ચાલ્યા જતા વાદળો જોઈ ખેડૂતો નિસાસા નાંખી રહ્યા છે. વરસાદની હવે તાતી જરૂરીયાત ઉભી થઈ છે. આગામી એકાદ-બે દિવસમાં જ જો વરસાદ પડે તો ખેડૂતોને થોડીક ધરપત મળી શકે તેમ છે.

પોલીસ જીપમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ડીસ્પોઝલ ગ્લાસ તથા એક રોયલ ચેલેન્જ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ પણ પડી હતી તે સમગ્ર મુદ્દામાલ પોલીસ તપાસમાં રહસ્યમય રીતે ગાયબ થઈ જતાં તપાસનીસ અધિકારીની ભુમિકા પણ શંકાસ્પદ જણાઈ રહી છે. પોલીસના આવ્યા બાદ ગણતરીની મિનિટોમાં બોટલથી માંડીને તમામ સામગ્રી ગાયબ કોણે કરી તે પણ તપાસનો વિષય છે. ઘટનાસ્થળે ઉભેલા રાહદારીઓનું તો કહેવું તેમ પણ છે કે જીપચાલક પોલીસ ખુબ નશામાં હતો...!

મળતી વિગત મુજબ સે. ૧૭ ચ-ટાઈપ ખાતે રહેતા અને એસઆરપીમાં ફરજ બજાવતા સંજયસિંહ કરણસિંહ ચાવડા સરકારી પોલીસ જીપ લઈને નિકળ્યા હતા ત્યારે ચ-માર્ગ પર જીપ પલ્ટી મારી ગઈ હતી. પોલીસે જાણવા જોગ નોંધી તેમાંથી મળેલી વિગત પ્રમાણે સંજયસિંહ ઘરેથી જમીને નીકળ્યા ત્યારે ચ-માર્ગ પર પ્રવેશ કરતાં જ એક કુતરૂ આડે આવ્યુ તેને બચાવવા સ્ટીયરીંગ રોગ સાઈડમાં ફેરવી દીધુ અને સામે એક બાઈકચાલક આવતો હતો તેને બચાવવા ફરી સ્ટીયરીંગ ફેરવી દેતા જીપ પલ્ટી મારીને ઊંધા માથે થઈ ગઈ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ પહોંચી તે પહેલા તો પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

સંજયસિંહને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા..! પરંતુ તે દારૂના નશામાં ચૂર હોવાથી અકસ્માત સર્જાયો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સંજયસિંહ નશામાં હતા કે કેમ ? તે તો તપાસનો વિષય છે પરંતુ તેમની જીપમાં પાણીની પ્લાસ્ટીકની બે બોટલો, ડીસ્પોઝનલ ગ્લાસ અને રોયલ ચેલેન્જની બોટલ તો ચોક્કસ પડી હતી. ઘટના બન્યાની બીજી જ મિનિટે પોલીસ પહોંચે તે પહેલા જીપનો ફોટો પાડ્યો તો ત્યારે આ તમામ સામગ્રી પડી હતી. પોલીસ આવી પછી પહોંચેલા પ્રેસ ફોટોગ્રાફરના ફોટોમાં આ કાંઈ આવ્યું જ નહી..! કેમ કે ત્યાં સુધીમાં જીપ સફાચટ થઈ ગઈ હતી. આ તમામ મુદ્દામાલ જીપમાંથી આ સામાન ગાયબ કેવી રીતે થયો તે તપાસ થાય છે કે કેમ ? તે જોવું રહ્યું.

નગરના સર્કલો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટાભાગના સર્કલોને નવો લુક આપવામાં આવ્યો હતો. જયારે ચ-૩ અને ચ-૨ સહિતના સર્કલો પર વારંવાર અકસ્માતો થતા આ સર્કલો વર્ષ દરમિયાન મોટાભાગે તુટેલી હાલતમાં જ જોવા મળે છે. જયારે કેબલ સર્કલ તરીકે ઓળખાતા ઘ-૫ ના સર્કલની ફરતે માત્ર કેબલો જ જોવા મળી રહયા છે.જેમાં સ્થિત રવિશંકર મહારાજની પ્રતિમા સાફ કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. જયારે ઘ-૩ ના સર્કલને ગીચ ઝાડીના ટેકરામાં ફેરવી આર્કષણ

ફોરલેન બનાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૃક્ષો કાપવામાં આવશે. આ મામલે વન વિભાગ દ્વારા મંજુરી પણ આપી દેવામાં આવી છે. જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા વૃક્ષોની કટોતીના મામલે ૫૪.૯૬ લાખનુ વળતર ચુકવવામાં આવશે. રસ્તાની કામગીરી પૂર્ણ થયા બાદ માર્ગની આસપાસ વનીકરણ કરવામાં આવશે. આ દરમિયાન વૃક્ષોનુ ટ્રાન્સપ્લાન્ટ પણ કરવામાં આવશે.

વિહોણું બનાવી દેવાયુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. બીજીતરફ ચ-૩ ના સર્કલનુ કામ ગત જાન્યુઆરી મહીનાથી ચાલી રહયુ છે. છાશવારે થતી તોડફોડના અંતે પણ સર્કલને ન્યુ લુક આપવાનુ ઠેકાણુ પડયુ નથી. તેવામાં અકસ્માતનુ કેન્દ્ર સ્થાન બનેલા સર્કલોને નામાભિધાન મુજબ થીમ પર વિકસાવવામાં પણ નિરસતા સેવાઈ રહી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. શહેરના અસ્તિત્વકાળથી નગરના સર્કલો આગવી ઓળખ બન્યા છે. પરંતુ સર્કલોના નવા નામાભિધાન બાદ તંત્ર દ્વારા તેના વિકાસની જવાબદારી સંસ્થાઓને સોંપી દેવાતા તંત્ર દ્વારા પણ જાણે કોઇ દરકાર લેવામાં આવતી નથી.

ખોવાયેલ છે

હું દિવ્યા અવસ્થી - ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાં ભણતી વિદ્યાર્થીની છું. મારી સેમીસ્ટર-૧ની માર્કશીટ શરત ચૂકથી પડી ગયેલ છે. જે કોઈને મળે તેને **મોબાઈલ નં. ૮૧૨૮૭૧૪૨૬૭** પર જાણ કરવા વિનંતી છે.